આપણું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૧૫, શુક્રવાર ; ફાગણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના વાતાવરણમાં પુનઃ પલ્ટો

## મોડી સાંજે પવન ફુંકાતા ધુળની ડમરીઓ ઉડી

## આકાશમાં વાદળો ઘેરાતા કમોસમી વરસાદનો ભય



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં વાતારવણમાં પુનઃ બદલાવ આવ્યો છે. ધુળની ડમરીઓ ઉડયા બાદ આકાશમાં વાળો ઘેરાઈ આવ્યા છે. મોડી સાંજે વાદળો ગરજતા કમોસમી વરસાદનો ભય ઉભો થયો છે. કેટલાક વિસ્તારોમાં છાંટા પણ પડયા હતા.

ઠંડી ઓછી થયા બાદ હજુ સુધી જોઈએ તેવી ગરમી પડી નથી રહી. બપોરે કયારેક ગરમી અનુભવાય છે તો રાત્રે ઠંડકનો અનુભવ થાય છે. હજુ થોડાક દિવસ પહેલા જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પડયું હતું. વરસાદ અને વાદળોના કારણે વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી. છેલ્લા એક અઠવાડિયાથી આકાશ ચોખ્ખું બન્યું છે. અને દિવસ દરમિયાન મહત્તમ તાપમાન વધ્યું છે. આજે ગુરુવારે બપોર બાદ વાતાવરણમાં ફેરફાર આવ્યો હતો. સાંજે પવનની ગતિ વધી હતી. થોડાક સમય માટે તો ધુળની ડમરીઓ ઉડી હતી જેના કારણે વાહનચાલકોને રસ્તાની વચ્ચે જ રોકાઈ જવું પડયું હતું. મોડી સાંજે આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળોની ગર્જના સંભળાતી હતી. કેટલાક સ્થળોએ છાંટા પણ પડયા હતા. વાદળો ઘેરાતા પુનઃ કમોસમી વરસાદ થવાની શકયતાઓ હવામાન શાસ્ત્રીઓ વ્યકત કરી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી નગરમાં વાતાવરણ સતત પલ્ટાઈ રહ્યું છે. જેના કારણે શિયાળો, ઉનાળો કે ચોમાસુ કઈ સીઝન ચાલે છે તે નક્કી કરવુ જ મુશ્કેલ બની ગયું છે. અઠવાડિયાની અંદર જ ગરમી, ઠંડી અને વાદળછાયા વાતાવરણનો અનુભવ નગરજનોને વારાફરથી મળી ગયો છે. આજે બપોર સુધી ગરમીનું પ્રમાણ વધીને ૩૬ ડિગ્રી સેલ્શિયસ પહોંચ્યું હતું. સાંજ પડતા સુધીમાં આકાશમાં વાદળોએ જમાવડો કરી ફરી મૌસમનો અલગ જ મૂડ દેખાડી દીધો હતો.

વાતાવરણમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સે.ની સામે લઘુત્તમ ૧૯.૬ ડિગ્રી સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ પ૨ ટકા હતુ તે ઘટીને ૩૫ ટકા રહેવા પામ્યું હતું. બપોર પછી આકાશમાં અચાનક વાદળો ઉમટી પડ્યા હતા અને નગરજનોને તડકામાં રાહત મળી હતી. જો કે ફરીથી વાદળોના દર્શન થતા ઘણા લોકોને સ્વાઈન ફ્લુની બિમારીમાં રાહત નહી મળે તેવો ધ્રાસ્કો પડ્યો હતો. વધી રહેલી ગરમીથી સ્વાઈન ફ્લુના દર્દીઓના આંકડામાં ઘટાડો થવાની આશાએ રહેલા આરોગ્યતંત્ર પણ ફરીથી ચિંતાગ્રસ્ત બન્યુંહતું. ગાંધીનગર તાલુકામાં બટાકાના ખેડૂતો દ્વારા હાલ બટાકા કાઢવાનુ કાર્ય જોશભેર ચાલી રહ્યું છે. પરંતુ આકાશમાં આવી ચઢેલા વાદળોએ ફરીથી માવઠુ થવાની ભીતિ પેદા કરતા બટાકાના તૈયાર પાકને નુકશાન થવાનો ડર પણ ખેડૂતોને સતાવવા લાગ્યો છે. જો ફરીથી કમોસમી વરસાદ થશે તો આ ખેડૂતો માટે હાથમાં આવેલો કોળિયો ઝુટવાઈ જવાની શક્યતા સર્જાઈ શકે છે.

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૬ એપ્રીલથી પરીક્ષાઓ

## પરીક્ષાના માહોલના અંતિમ તબક્કામાં એક લાખ ચાલીસ હજાર બાળકોનું મુલ્યાંકન કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની ૬૦૦ જેટલી પંચાયત હસ્તકની શાળાઓમાં દ્વિતીય સત્રનું મુલ્યાંકન ૧૬મી એપ્રિલથી શરૂ થશે અને તે ૨૪ એપ્રિલ સુધી ચાલશે.

જિલ્લાના ૧.૪૦ લાખ જેટલા બાળકોનું આ મુલ્યાંકન કરાશે. ધો. ૧ અને ૨ ના બાળકોનું મૌખિક મુલ્યાંકન કરવામાં આવશે જ્યારે ૩ થી ૮ ના બાળકોનું લેખિત મુલ્યાંકન થશે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ દ્વિતીય સત્ર મુલ્યાંકનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. અને તેની જાણ પણ શાળાના આચાર્યોને કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે પ્રજ્ઞા વર્ગનું સંચાલન જે શાળાઓમાં ચાલે છે તેના બાળકોનું અલગથી મુલ્યાંકન કરવામાં આવશે. આ મુલ્યાંકન અંગે પણ જે તે શાળાને અલગથી સુચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ધો. ૧૦ અને ૧૨ની ચાલુ થયેલ જાહેર પરીક્ષાઓની સાથે જ પરીક્ષાનો માહોલ સમગ્ર જિલ્લામાં છવાયો છે અને તે ૩૦ એપ્રિલ સુધી ચાલશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બોર્ડની જાહેર પરીક્ષાઓ સંપન્ન થયા બાદ કોલેજોમાં પણ પરીક્ષાનો દોર આરંભાશે.

# ગુડાની ટીપી નં. ૯માં પાણીના ૧૧.૯૪ કરોડના કામોનું ખાત મુહૂર્ત

## ૧૭૨ આંગણવાડીના બાળકોને સુખડીનું વિતરણ





ગાંધીનગર, તા. ૧૨

ગુડાના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે આજે ટી.પી. સ્કીમ નં. ૯ના વાસણા-હડમતીયા-સરગાસણ વિસ્તારમાં પાણીની જરૂરીયાત સંતોષવા રૂ. ૧૧.૯૪ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગુડાના નવનિયુક્ત ચેરમેન આશિષ દવેના હસ્તે આ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ ટાઉન પ્લાનીંગ સ્કીમનો વિસ્તાર આશરે ૧૭૦ હેક્ટર જેટલો છે અને આ યોજનામાં પાણી પુરવઠાના કામ માટેની ૬૦.૦૦ લાખ લીટરની ક્ષમતાની અન્ડરગ્રાઉન્ડ સમ્પ, ૫.૦૦ લાખ લીટરની ઓવર હેડ ટાંકી, ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક તથા ઈલેક્ટ્રીમીકેનીકલ ટી.પી. સ્કીમ નં. ૯ (વાસણા-હડમતીયા-સરગાસણ)માં આશરે ૧૮.૦૦ કિ.મી. લંબાઈમાં ૧૦૦ મીમી. થી લઈ ૬૦૦ મી.મી. વ્યાસની પાઈપોનું ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક કરવામાં આયોજન છે. પાણી પુરવઠા વ્યવસ્થાપન દ્વારા ૨૦૨૬ સુધીમાં આશરે ૨૭૦૦૦ જેટલા રહેવાસીઓને તથા તે બાદ એક્સ્ટેશન દ્વારા ૨૦૪૧માં અંદાજે ૪૫૦૦૦ જેટલા રહેવાસીઓને પાણી પુરવઠાની સગવડ આપવા આયોજન કરવામાં આવ્યું છે. આ યોજનાનો કુલ ખર્ચ રૂ. ૧૧૯૪.૦૦ લાખ જેટલો થશે.

ગુડા સ્થાપના દિન પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં આંગણવાડીના બાળકોને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે ગુડા વિસ્તારમાં આવેલ ૩૯ ગામોની કુલ ૧૭૨ આંગણવાડીના આશરે ૬૦૦૦ જેટલાં બાળકો માટે સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુડા સ્થાપના દિન નિમિત્તે આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ગુડા અધ્યક્ષ આશિષભાઈ દવે, મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, ગુડાના પુર્વ અધ્યક્ષ અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, પંચાયત પસંદગી બોર્ડના અધ્યક્ષ ગીરીશભાઈ શર્મા, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુભાઈ, ગુજરાત આદીજાતી વિકાસ નિગમના અધ્યક્ષ રમીલાબેન બારા, કારોબારી ચેમરેન ઘનશ્યામભાઈ પટેલ, તાલુકા ભાજપ મહામંત્રી જશુભાઈ પટેલ, જિલ્લામંત્રી અતુલભાઈ પટેલ, ગાંધીનગર માહમંત્રી કનુભાઈ દેસાઈ, ગુડાના મુખ્ય કારોબારી અધિકારી ડૉ. સંધ્યાબેન ભુલ્લર હાજર રહ્યા હતા.

આ ઉપરાંત આંગણવાડીની બહેનો અને મોટી સંખ્યામાં સ્થાનિક વસાહતીઓ પણ હાજર રહ્યા હતા.

# જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓનો આંક ૨૦૩ થયો

## આજે વધુ પાંચ કેસ મળ્યા : ૧૫૬ દર્દી સંપુર્ણ સાજા થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓનો આંક ૨૦૦ને પાર કરી જતાં લોકોમાં હજુ પણ ભય યથાવત રહેવા પામ્યો છે. આજે ગાંધીનગરમાં સ્વાઈન ફલુના વધુ પાંચ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરના સે. ૩૦નો એક ૧૨ વર્ષીય યુવકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં જ સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૬૦ પર પહોંચી છે. સે. ૩૦માંથી આ બીજો દર્દી મળી આવ્યો છે.


જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસો વચ્ચે આજે બદલાયેલા હવામાનને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે જે કેસો નોંધાયા છે તેમાં ૨ ગાંધીનગર અને ત્રણ કેસ કલોલના નોંધાયા છે.

આ વખતે સ્વાઈન ફલુના સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વાઈન ફલુના રોગમાંથી સંપૂર્ણ સાજા થતાં ૧૫૬ દર્દીઓને રજા આપવામાં આવી છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ૨૧ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકીના બે દર્દીને વેન્ટીલેટર પર સારવાર આપવામાં આવી રહી છે.

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬


બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort

નિરવતાનો રવ...
bansari
Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

# ધારાસભ્યોના પગાર ભથ્થા વધારવાની ગૃહમાં માંગણી

## તમામ ધારાસભ્યોના ચહેરાઓ ખિલી ઉઠ્યા : કોંગ્રેસી ધારાસભ્યની રજૂઆતને બંને પક્ષના ધારાસભ્યોની મુક સંમતિ : ધ્યાન આપવા રાજ્ય સરકારે આપેલી ખાતરી

અમદાવાદ,તા. ૧૨

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના ધારાસભ્યો નિરંજન પટેલે જ્યારે ધારાસભ્યોના પગાર ભથ્થામાં વધારો કરવા રજૂઆત કરી ત્યારે કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોના ધારાસભ્યોના ચહેરા અનેરી ચમક સાથે ખીલી ઉઠ્યા હતા. અધ્યક્ષ દ્વારા ધારાસભ્યોને રજૂઆત માટે ફાળવવામાં આવતો સમય પૂર્ણ થયો હોવા છતાં બંને પક્ષના ધારાસભ્યોએ આ સભ્યને રજૂઆત માટે વધુ સમય ફાળવવાની અધ્યક્ષને વિનંતી કરી હતી જેમાં મોટાભગના તમામ ધારાસભ્યોએ પગાર ભથ્થા વધારાની માંગને મૂક સંમતિ હોવાનો સ્પષ્ટ સંકેત આપ્યો હતો. માંગણીઓ પરની ચર્ચામા ંભાગ લેતા કોંગ્રેસના ધારાસભ્ય નિરંજન પટેલે જ્યારે વર્તમાન મોંઘવારીને જોતા અને સીમાંકન બાદ મતવિસ્તારની બદલાયેલી સ્થિતિમાં ધારાસબ્યોના ચર્ચાઓ વધતા ધારાસભ્યોના પગાર ભથ્થામાં વધારો કરવો જોઈએ તેવી રોજદાર રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫ પછી ધારાસભ્યોના પગાર ભથ્થામાં કોઈ પણ પ્રકારનો વધારો થયો નથી. આ ગાળામાં મોંઘવારી વધી છે. ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે. સીમાંકન પહેલા આ મતવિસ્તારમાં ૧.૨૦ લાખ મતદારો હતા જે સીમાંકન બાદ વધીને બે લાખ થયા છે. આથી સ્થિતિ તમામ ધારાસભ્યોની છે. અમારે મતદારોનો સંપર્ક કરવા દુર દુર સુધી જવું પડે છે. માટે હાલમાં અમને જે કંઈ મળે છે તે ખુબ જ ઓછું છે.

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અદ્યતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૨૧/૪/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫